<u>બાનાખતનો કરાર</u>

<u>એક તરફવાળા</u> :- **૧) શ્રીમતી પ્રાર્થનાબેન ભરતભાઈ પટેલ ઉ.વ. પુખ્ત વયના**
(લખી આપનાર) **૨) શ્રી ભાસ્કર વિશ્વદેવભાઈ પટેલ ઉ.વ. પુખ્ત વયના**
બંને વતી તેના પાવર ઓફ એટૅની હોલ્ડર શ્રી આનંદ વિશ્વદેવ પટેલ ઉં. વ. પુખ્ત વયના, ધર્મે તથા જાતે હિન્દુ, રહેવાસી : ૧, મલ્હાર એપાર્ટમેન્ટ, કલગી એપાર્ટમેન્ટની પાછળ, જજીસ બંગલોઝ રોડ, બોડકદેવ, અમદાવાદના.

જેમને હવે પછી આ બાનાખત ના કરારમાં એક તરફવાળા યાને લખી આપનાર એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં લખી આપનાર તથા લખી આપનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ ઈત્યાદિ તમામનો સમાવેશ થાય છે.

<u>બીજી તરફવાળા</u> :-
(લખાવી લેનાર) PAN :-
આધાર નંબર :-
ઉં. વ. પુખ્ત વયના, ધર્મે તથા જાતે હિન્દુ, રહેવાસી : -

જેમને હવે પછી આ બાનાખત ના કરારમાં બીજી તરફવાળા યાને લખાવી લેનાર એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં લખાવી લેનાર તથા લખાવી લેનારના વંશ,વાલી, વારસો, એસાઈનીઓ ઈત્યાદિ તમામનો સમાવેશ થાય છે.

<u>ત્રીજી તરફવાળા</u> :- **મે. ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી**
(કન્ફર્મીંગ પાર્ટી) વતી તેના વહીવટ કર્તા / ભાગીદાર આનંદ વિશ્વદેવ પટેલ ઉં. વ. પુખ્ત વયના,ધર્મે તથા જાતે હિન્દુ, ઓફિસ : ૫૦૪, ભરતકુંજ એપાર્ટમેન્ટ, કલગી એપાર્ટમેન્ટની પાછળ, જજીસ બંગલોઝ રોડ, બોડકદેવ, અમદાવાદના.

જેમને હવે પછી આ બાનાખત ના કરારમાં ત્રીજી તરફવાળા યાને કન્ફર્મીંગ પાર્ટી એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં કન્ફર્મીંગ પાર્ટી તથા કન્ફર્મીંગ પાર્ટીના

ભાગીદાર તથા તેના વંશ,વાલી, વારસો, એસાઈનીઓ ઈત્યાદિ તમામનો સમાવેશ થાય છે.

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગરના, તાલુકો-ગાંધીનગરના, મોજે-વાવોલ ગામની સીમના સર્વે નંબર.૮૮૪ ના ટી.પી. સ્કીમ નંબર. ૧૩ ના ફાઈનલ પ્લોટ નંબર.૨૧૮ ની બીનખેતીની જમીન જે ભરતમાં આશરે ૬૨૨૨ સમચોરસ મીટર યાને ૭૪૪૨ સમચોરસ વાર જમીન તથા સર્વે નંબર.૮૮૪ા પૈકી ૧ ના ટી.પી. સ્કીમ નંબર.૧૩ ના ફાઈનલ પ્લોટ નંબર.૨૧૮ ની બીનખેતીની જમીન જે ભરતમાં આશરે ૬૨૨૨ સમચોરસ મીટર યાને ૭૪૪૨ સમચોરસ વાર જમીન મળી કુલ્લે ૧૨,૪૪૪ સમચોરસ મીટર યાને ૧૪૮૮૪ સમચોરસ વાર જમીન જે કપાત બાદ ૧૦૨૦૫ સમચોરસ મીટર યાને ૧૨૨૦૫ સમચોરસ વાર પૈકી ની ૫૩૮૬ સમચોરસ મીટર જમીન જેના પર (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમ મુકવામાં આવેલ છે(જેને હવે પછી આ બાનાખતના કરારમાં સદરહું જમીન એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે) તે સદરહું જમીનની સ્વતંત્ર માલિકી તથા પ્રત્યક્ષ કબ્જો ભોગવટો અમો લખી આપનાર ધરાવીએ છીએ અને અમો લખી આપનારાએ કન્ફર્મીંગ પાર્ટી સાથે સદરહું જમીન ડેવલોપ કરવા એક ડેવલોપમેન્ટ કરાર કરેલ છે. જે ગાંધીનગરના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં નોંધણી નંબર. ૮૩૦ તા.૧૫/૦૧/૨૦૧૮ થી નોંધાયેલ છે. તે ડેવલોપમેન્ટ કરારની રૂઈએ અમો કન્ફર્મીંગ પાર્ટી એ સદરહું જમીન પર જુદા જુદા ફલેટો બાંધકામ કરવાના છે જે (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમ તરીકે ઓળખાય છે. તે રીતે અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટી સદરહું જમીન પર ફલેટો બાંધકામ કરવાના છે તે તમામ ફલેટો ની માલિકી તથા પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો એક તરફવાળા તથા કન્ફર્મીંગ પાર્ટી ધરાવશું અને તે ડેવલોપમેન્ટ કરારની રૂઈએ કન્ફર્મીંગ પાર્ટી (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમના ફલેટ બુકીંગ કરવાના તથા મેમ્બર પાસેથી બુકીંગના પૈસા મેળવવા હકકદાર છે.

અમો એક તરફવાળા તથા કન્ફર્મીંગ પાર્ટીએ (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમમાં આવેલ **બ્લોક – ____, ____** માળનો ફ્લેટ નંબર. ____ જે ભરતમાં આશરે ______ સમચોરસ મીટર કારપેટ એરીયા તથા વોશરૂમ __________ સમચોરસ મીટર કારપેટ એરીયા બાંધકામ વાળી મિલકત જેની ચતુંસીમા આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. (જેને હવે પછી આ બાનાખતના કરારમાં સદરહું મિલકત એ રીતે ઉલ્લેખવામાં આવેલ છે). તે સદરહું મિલકત અમો એક તરફવાળા તથા કન્ફર્મીંગ પાર્ટીએ તમો બીજી તરફવાળાને વેચાણ કરવાનું નકકી કરેલ છે. જેનો આ બાનાખતનો કરાર આપણે બંને તરફવાળા વચ્ચે આજ રોજ તા. ૦૪/૨૦૨૩ ના દિવસે નીચેની ટર્મસ અને કન્ડીશને કરવામાં આવેલ છે.

૧) સદરહું મિલકતની વેચાણ કિંમત રૂપીયા ____ (અંકે રૂપીયા _______ પૂરા) નકકી કરેલ છે. જે આપણે ત્રણેય તરફવાળાને કબૂલ મંજૂર અને બંધનકર્તા છે.

૨) સદરહું મિલકતમાં એક તરફવાળા તથા કન્ફર્મીંગ પાર્ટી સિવાય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ કે હક્ક, હિસ્સો નથી, કે કોઈનો ખોરાકી પોષાકીનો કોઈ હક્ક પોષાતો નથી કે સદરહું મિલકત કોઈ સરકારી કે અર્ધસરકારી જમી કે અવલ જમીમાં આવેલ નથી કે સદરહું મિલકત વેચવી વેચાવવી નહિં કે તેવો કોઈ મનાઈ હુકમ કોઈ કોર્ટમાંથી નીકળેલ નથી કે બજેલ નથી કે, સદરહું મિલકત વેચવી વેચાવવી નહિં કે તેવી નોટિસ અમો એક તરફવાળાને બજેલ નથી કે કોઈ એક્વીઝીશન કે રેક્વીઝીશનમાં આવેલ નથી, કે તે બાબતમાં કોઈ પ્રોસીડીંગ્ઝ ચાલતા નથી, તેમજ સદરહું મિલકત પર અમો એક તરફવાળાએ કોઈ સોલવન્સી સર્ટીફિકેટ મેળવેલ નથી. કે સદરહું મિલકત તમો બીજી તરફવાળા સિવાય અન્ય કોઈને વેચાણ કરવા બાબત કરાર કે બાનાચિઠ્ઠી જેવા કોઈ લખાણ અન્ય કોઈને કરીને આપેલ નથી એટલે કે સદરહું મિલકતના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, મારકેટેબલ અને સેલેબલ છે. તેવો પાકો વિશ્વાસ અને ખાતરી આપીને સદરહું મિલકત રૂપીયા ________ (અંકે રૂપીયા _____________ પૂરા) માં

અમો એક તરફવાળા તથા કન્ફર્મીંગ પાર્ટીએ તમો બીજી તરફવાળાને વેચાણ આપવાનું નકકી કરેલ છે.

૩) સદરહું મિલકતના વેચાણ અવેજના બાના પેટે તમો બીજી તરફવાળાએ અમો કન્ફર્મીંગ પાર્ટીને રૂપીયા _________(અંકે રૂપીયા _____________પૂરા) ચેક નંબર.______, તા.__________, બેંક, બ્રાન્ચ થી ચૂકવી આપેલા છે. જે અમો કન્ફર્મીંગ પાર્ટીને મળી ગયેલ છે તેવું કબુલીએ છીએ.

૪) અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટીએ તમો લખાવી લેનારને સદરહું મિલકત જે વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેની મુખ્ય શરત એ છે કે (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમમાં આવેલ તમામ ફલેટો સામાન્ય સવલતોના નિભાવવા માટે એસોસીએશન અથવા સર્વીસ સોસાયટી બનાવવામાં આવે તેમા તમો લખાવી લેનારે મેમ્બર બનવું ફરજીયાત છે. તેમજ એસોસીએશન અથવા સર્વીસ સોસાયટી જે મેઈન્ટેનન્સની રકમ તેમજ મેઈન્ટેનન્સની ડીપોઝીટ નકકી કરે તે મેઈન્ટેનન્સની રકમ તેમજ મેઈન્ટેનન્સની ડીપોઝીટ તમો લખાવી લેનારે ચૂકવવાની રહેશે અને તમો લખાવી લેનાર એસોસીએશન અથવા સર્વીસ સોસાયટીની મેઈન્ટેનન્સની રકમ તેમજ મેઈન્ટેનન્સ ડીપોઝીટ ન ચૂકવો તો તમો લખાવી લેનાર (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમની કોમન ફેસીલીટીઝ તેમજ સામાન્ય સવલતો વાપરવા હકકદાર નથી.

૫) સદરહું મિલકતનો વેચાણ દસ્તાવેજ તમો બીજી તરફવાળાની તરફેણમાં સદરહું મિલકતનો ચુકતે વેચાણ અવેજ અમો કન્ફર્મીંગ પાર્ટીને ચુકવો તે શરતે પાકો વેચાણ દસ્તાવેજ અમો એક તરફવાળા તથા કન્ફર્મીંગ પાર્ટીએ કરી આપવાનો રહેશે.

૬)   સદરહું મિલકત (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમ ના મેઈન્ટેનન્સ અંગે સર્વીસ સોસાયટી અથવા એસોસીએશન બનાવવામાં આવે તેમાં મેમ્બર બનવું ફરજીયાત છે અને સર્વીસ સોસાયટી અથવા એસોસીએશનના મેઈન્ટેનન્સ તેમજ કોમન સવલતોનો જે કાંઈ ખર્ચ થાય તે તમામ ખર્ચાઓમાં વરાડે પડતો આવતો હિસ્સો તમો લખાવી લેનારે આપવો ફરજીયાત છે અને (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમમાં **બ્લોક- એચ** ના મેઈન્ટેનન્સ અંગે બનાવેલ સર્વીસ સોસાયટી અથવા એસોસીએશનના નીતિનિયમોનું પાલન કરવાનું ફરજીયાત રહેશે.

૭)   સદરહું મિલકતનો પ્રત્યક્ષ કબ્જો સોપ્યા ની તારીખ થી પાંચ વર્ષની અંદર મિલકતમાં અથવા સદરહું મિલકત જે સ્કીમમાં આવેલ છે તે સ્કીમના બાંધકામમાં સ્ટ્રકચરલ ખામી, વર્કમેનશીપ માં ખામી, બાંધકામના કવોલીટી અથવા સર્વીસમાં ખામી લખાવી લેનારને મળી આવે તો લખી આપનારે પોતાના ખર્ચે આ પેરામાં દર્શાવેલ ખામીઓ સુધારી આપવાની રહેશે અને લખી આપનાર આ પેરામાં દર્શાવેલ ખામીઓ સમયસર રીપેર ન કરાવી આપે તો લખાવી લેનાર આ પેરામાં દર્શાવેલ ખામીઓ રીપેર કરાવા હકકદાર છે અને લખાવી લેનારે રીપેરીંગ અંગે જે પણ ખર્ચ કરેલ હોય તે લખી આપનારે ભરપાઈ કરી આપવાનો રહેશે. આ પેરા માં દર્શાવેલ ખામીઓ માટે લખી આપનારની કોઈ બેદરકારી કે બેકાળજી ન હોય તેમજ ખામીનું કારણ તેના કન્ટ્રોલ બહાર હોય તો આ પેરામાં દર્શાવેલ ખામીઓ અંગે લખાવી લેનારની કોઈ જવાબદારી રહેશે નહી.

૮)   સદરહું મિલકત ના બુકીંગ તેમજ દસ્તાવેજ અંગે મેમ્બર અથવા બિલ્ડર સાથે કોઈ તકરાર થાય તો તેઓએ અંતર્ગત સમજુતીથી તે તકરાર નો નિકાલ કરવાનો રહેશે પરંતુ તે તકરાર નો નિકાલ અંતર્ગત સમજુતીથી ન આવે તો રેરાની ઓથારીટી જે મુજબ નિર્ણય આપે તે નિર્ણય લખી આપનાર અને લખાવી લેનારને (ડેવલોપર્સ તથા મેમ્બરને) માન્ય રહેશે.

૯) (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમમાં **બ્લોક-** ___ હાલમાં જે જમીનમાં આવેલ છે. તે જમીનની એફ.એસ.આઈ. પૂરેપૂરી વાપરવામાં આવેલ નથી જેથી બાકી રહેતી એફ.એસ.આઈ. તથા ભવિષ્યમાં એફ.એસ.આઈ.ના નિયમોમાં ફેરફાર થાય તે તમામ એફ.એસ.આઈ. વાપરવાનો હકક (માલીકી) જમીન માલીકો તથા મે.ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી ની છે. તે જમીનમાં વધારાનું બાંધકામ કરવાના હકક મળે તો તે તમામ વધારાના બાંધકામના હકક ડેવલપર મે.ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી નો રહેશે અને વધારાના બાંધકામ અંગે જે રીવાઈઝ પ્લાન મંજૂર કરાવવાના થાય તે બાંધકામના પ્લાનમાં તથા ફોર્મમાં અમો લખાવી લેનારની જયાં જયાં સહી કરવાની જરૂરિયાત થાય ત્યાં ત્યાં સહી કરી આપવાની રહેશે અને બાંધકામના પ્લાનમાં સહી કરવા માટે અમો લખાવી લેનારે કોઈ પણ જાતનો અવેજ મે.ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી તથા મુળ માલીકો પાસે માંગવા હકકદાર નથી તે જમીનના બાંધકામની એફ.એસ.આઈ.ના નિયમોમાં ફેરફાર થાય અને એફ.એસ.આઈ. માં ભવિષ્યમાં વધારો કરવામાં આવે અને મે.ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી વધારાના બાંધકામના પ્લાન મુજબ બાંધકામ કરી તે યુનિટનું વેચાણ જે વ્યકિતને મે.ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી દ્વારા વેચાણ કરવામાં આવે અને અમો લખાવી લેનારની તે વેચાણ દસ્તાવેજમાં તેમજ જે જે ફોર્મમાં તથા જયાં જયાં હાજર રહી સહી કરવાની જરૂરિયાત થાય ત્યાં ત્યાં અમો લખાવી લેનારે સહી કરી આપવાની રહેશે અને વેચાણ દસ્તાવેજમાં સહી કરવા તેમજ ફોર્મમાં સહી કરવા કોઈ પણ જાતની રકમ મે.ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી તેમજ મુળ જમીનના માલીકો પાસે માંગવા અમો લખાવી લેનાર હકકદાર નથી અને અમો લખાવી લેનાર વેચાણ દસ્તાવેજમાં તથા અન્ય ફોર્મમાં સહી ન કરી આપીએ તો મે.ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી તથા મુળ જમીનના માલીકો ને જે પણ નાણાંકીય નુકશાન થાય તે તમામ નુકશાન અમો લખાવી લેનારને ભરપાઈ કરી આપવાનું છે. તેમજ અમો લખી આપનારનો તથા કન્ફર્મીંગ પાર્ટીને(સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમના બીલ્ડીંગના કોમન

ધાબા પર કોઈ હકક રહેશે નહી. (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) સ્કીમના બીલ્ડીંગના કોમન ધાબાની માલીકી મેમ્બરોની રહેશે.

૧૦) સદરહું મિલકતના કારપેટ એરીયાના માપમાં ત્રણ ટકા સુધીના વ્યવહારના ફેરફારને લખાવી લેનારે માન્ય રાખવાનું રહેશે એટલે કે સદરહું મિલકતના કારપેટ એરીયાના માપમાં ત્રણ ટકા સુધીની વધઘટ હશે તો તેની સામે કોઈ તકરાર લખાવી લેનાર દ્વારા કરવામાં આવશે નહી તેમજ તે લખાવી લેનારને માન્ય છે તેમ ગણવાનું રહેશે.

૧૧) તમો બીજી તરફવાળાએ કબુલેલ છે કે તમો બીજી તરફવાળા સદરહું મિલકત વેચાણ લેવાના છો અને તે અંગે આ બાનાખત કરેલ છે તે કેન્સલ કરવા તમો બીજી તરફવાળા હકકદાર નથી અને તમો બીજી તરફવાળા કેન્સલ કરો તો અમો એક તરફવાળા ને જે પણ નાણાકીય નુકશાન થાય તે તમામ તમો બીજી તરફવાળાએ ભોગવવાનું છે.

૧૨) સદરહું મિલકતનો વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, ટાઈપીંગ ખર્ચ, વકીલ ફી, અન્ય સરકારી ટેક્ષો તથા અન્ય ખર્ચ તમો બીજી તરફવાળાએ ભોગવવાનો છે. તથા સદરહું મિલકત પેટે જી.એસ.ટી. જે ભરવાનો થશે તે તમામ તમો લખાવી લેનારે ભોગવવાનો છે.

૧૩) આ બાનાખતના કરારથી સદરહું મિલકતનો કબજો અમો એક તરફવાળા તથા કન્ફર્મીંગ પાર્ટી તમો બીજી તરફવાળાને સોંપતા નથી અને સદરહું મિલકતનો કબજો અમો લખી આપનાર તથા કન્ફર્મીંગ પાર્ટીએ તમો લખાવી લેનારને વેચાણ દસ્તાવેજ સમયે સોંપવાનો રહેશે.

<u>પરિશિષ્ટ</u>

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગરના, તાલુકો-ગાંધીનગરના, મોજે-વાવોલ ગામની સીમના સર્વે નંબર.૮૮૪ ના ટી.પી. સ્કીમ નંબર. ૧૩ ના ફાઈનલ પ્લોટ નંબર.૨૧૮ ની બીનખેતીની જમીન જે ભરતમાં આશરે ૬૨૨૨ સમચોરસ મીટર યાને ૭૪૪૨ સમચોરસ વાર જમીન તથા સર્વે નંબર.૮૮૪ પૈકી ૧ ના ટી.પી. સ્કીમ નંબર.૧૩ ના ફાઈનલ પ્લોટ નંબર.૨૧૮ ની બીનખેતીની જમીન જે ભરતમાં આશરે ૬૨૨૨ સમચોરસ મીટર યાને ૭૪૪૨ સમચોરસ વાર જમીન મળી કુલ્લે ૧૨,૪૪૪ સમચોરસ મીટર યાને ૧૪૮૮૪ સમચોરસ વાર જમીન જે કપાત બાદ ૧૦૨૦૫ સમચોરસ મીટર યાને ૧૨૨૦૫ સમચોરસ વાર પૈકી ની ૫૩૮૬ સમચોરસ મીટર બીનખેતીની જમીન જેના પર જુદા જુદા ફલેટો બાંધકામ કરવાના છે જે (સ્વર્ણિમ પેરેડાઈઝ) (SWARNIM PARADISE) *સ્કીમ તરીકે ઓળખાય છે. તેમાં આવેલ* **બ્લોક – ____,** *_____માળનો ફલેટ નંબર. _____જે ભરતમાં આશરે ______સમચોરસ મીટર કારપેટ એરીયા તથા વોશરૂમ ________સમચોરસ મીટર કારપેટ એરીયા બાંધકામ વાળી મિલકત જેની ચતુઁસીમા નીચે મુજબ છે.*

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

આ બાનાખતનો કરાર આપણે ત્રણેય તરફવાળાએ શુધ્ધ બુધ્ધિમાં, સભાન અવસ્થામાં, કોઈના ધાકધમકી કે દાબદબાણ વગર કરેલ છે. જે આપણે બંને તરફવાળાને તથા આપણે બંને તરફવાળાના મેમ્બરને તથા તેના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ ઈત્યાદિ તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

તારીખ :   ૧૦૪૨૦૨૩

સ્થળ   : ગાંધીનગર

....

૧) શ્રીમતી પ્રાર્થનાબેન ભરતભાઈ પટેલ.
૨) શ્રી ભાસ્કર વિશ્વદેવભાઈ પટેલ.
બંને વતી તેના પાવર ઓફ એટૅની હોલ્ડર
શ્રી આનંદ વિશ્વદેવ પટેલ
(લખી આપનાર)

....

મે. ઓમકાર ઈન્ફ્રાટેક ભાગીદારી પેઢી
વતી તેના ભાગીદાર શ્રી આનંદ વિશ્વદેવ
પટેલ
(કન્ફર્મીંગ પાર્ટી)